# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Sunday** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

- ✓ ઓડિશાના પુરીમાં આજે સાંજે ભગવાન જગન્નાથ, ભાઇ બલભદ્ર અને દેવી સુભદ્રાની વિશ્વ પ્રસિદ્ધ રથયાત્રાનો પ્રારંભ થયો, જે આઠ દિવસ સુધી ચાલશે..
- ✓ ગુજરાતના અમદાવાદમાં પણ જય રણછોડ માખણચોરના નારા સાથે રથયાત્રામાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું..
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ત્રણ દિવસ રશિયા અને ઓસ્ટ્રિયાની મુલાકાતે જશે...
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતમાં 80 કરોડના વિકાસકામોનું ઉદઘાટન કર્યું...
- ✓ સર્વોચ્ચ અદાલતમાં આવતીકાલે નીટ-યુજી સંબંધિત અરજીઓ ઉપર સુનાવણી થશે.
- ✓ કાશ્મીર ખીણ પ્રદેશમાં થયેલી બે જુદી જુદી અથડામણમાં છ આતંકી ઠાર કરાયા- બે જવાન શહીદ થયા..
- ✓ ભારત- ઝિમ્બામ્વે વચ્ચે રમાઇ રહેલી બીજી ટી- ટ્વેન્ટી મેચમાં ભારતનો 100 રને વિજય...

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## EVE.ODISHA---RATH-YATRA

ઓડિશાના પવિત્ર નગર જગન્નાથ પુરીમાં આજે સાંજે ભગવાન જગન્નાથ, ભાઇ બલભદ્ર અને દેવી સુભદ્રાની વિશ્વ પ્રસિદ્ધ રથયાત્રાનો પ્રારંભ થયો છે.

ભગવાનના ત્રણ રથ જ્યાં ફરે છે તે ગ્રાન્ડ ટ્રંક રોડ પર ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વાર્ષિક ઉત્સવમાં જોડાયા છે જ્યાં વિશ્વના વિવિધ ભાગોમાંથી લાખો ભક્તો રથ ખેંચવા અને ભગવાનના દર્શન કરવા માટે ભેગા થયા છે. આ તહેવાર પવિત્ર તહેવાર ત્રિમૂર્તિ તથા દેવી ગુંડીચા દેવીના મંદિરની યાત્રાને પ્રસ્થાપિત કરે છે અને આઠ દિવસ પછી ભગવાનની રથયાત્રા પરત ફરવાની સાથે પૂરી થાય છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, દૈવી યાત્રાની શરૂઆત ઘંટા, કહાલી અને તેલિંગી વાદ્યોના સૂર સાથે 'ધાડી પહાંડી' નામની અનંત શાહી વિધિથી થઈ હતી. પહાંડી વિધિ પછી, પુરી શંકરાચાર્ય નિશ્ચલાનંદ સરસ્વતીએ તેમના રથ પર ભાઈ-દેવતાઓને પ્રણામ કર્યા હતા. સૂર્યાસ્ત પહેલા રથને પરંપરા મુજબ, થોડા અંતર સુધી ખેંચવામાં આવ્યો હતો અને આવતીકાલે ફરી શરૂ કરવામાં આવશે.

## GUJ-RATHYATRA

અમદાવાદમાં આજે 147મી રથયાત્રા નીકળી છે. ભગવાન કૃષ્ણ, બહેન સુભદ્રા અને ભાઇ બલરામ સાથે નગરયાત્રાએ નીકળેલા રથોને હર્ષોલ્લાસપૂર્વક અમદાવાદીઓએ આવકાર્યા હતા. જય રણછોડ માખણચોરના નારા સાથે લાખો લોકો રસ્તા પર રથયાત્રામાં જોડાયા હતા.

ઠેર ઠેર પાણીની પરબ, નાસ્તા, જમવાનું તો ઠંડા શરબતોના સ્ટોલ નજરે પડતાં વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું. જૂની પોળ અને શેરીઓમાં ભક્તો માટે સવારના ચા નાસ્તાથી લઇ બપોરના ભોજન અને

રાત્રીના જમણવાર સહિતના આયોજનો કરવામાં આવ્યા છે. ભક્તિમંડળો, સેવાભાવી સંસ્થાઓ અને સંચાલકોએ ફણગાવેલા મગ, મઠ અને મીઠાઇ લોકોને વહેંચી હતી. રથયાત્રામાં શરૂઆતમાં હાથી, ઘોડા, બળદગાડા, ટ્રકો અને અખાડાથી ભરેલા લોકોનું કિડિયારું ઉભરાયું હોય તેવા દ્રશ્યો નજરે ચડ્યા હતા.. રથયાત્રામાં શણગારેલ 18 ગજરાજ, 101 ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરતા ટ્રક, 30 અખાડા, 18 ભજન મંડળી, 3 બેન્ડવાજા, 30 હજાર કિલો મગનો પ્રસાદ, 500 કિલો જાંબુ, 300 કિલો કેરી, 400 કિલો કાકડી, 2 લાખ ઉપેણાનો પ્રસાદનું આપવામાં આવશે. તેમજ ભગવાનના રથ ખેચવા માટે 1 હજારથી વધુ ખલાસીઓ જોડાયા છે.

ગૃહમંત્રી અમિત શાહે જગન્નાથ મંદિરમાં મંગળા આરતી કરી હતી, જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોનાની સાવરણીથી પહિંદ વિધી કરી હતી.

સાથે સાથે આજે અષાઢી બીજે કચ્છી માંડુઓનું નવું વર્ષ પણ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કચ્છ જીલ્લાના લોકોને આજના અષાઢી બીજના પર્વના દિવસે શરૂ થતા નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે.

## RATH YATRA- PREZ- VICE PREZ- PM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભગવાન જગન્નાથની પવિત્ર રથયાત્રા પર્વની તમામ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ ભગવાન જગન્નાથને દરેકના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.

તો ઉપરાષ્ટ્રપતિ ધનખડે કહ્યું કે, શ્રી જગન્નાથ રથયાત્રાનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ છે. તેમણે ઉમેર્યું હતું કે આ યાત્રા

પ્રાચીન ભારતીય પરંપરાઓમાં સમાયેલી છે, જે ભક્તિ, એકતા અને સમૃદ્ધ વારસાને પ્રતિબિંબિત કરે છે.

પ્રધાનમંત્રીએ પ્રાર્થના કરી કે ભગવાન જગન્નાથના આશીર્વાદ દેશ પર સતત રહે.

## PM RUSSIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ત્રણ દિવસના રશિયા અને ઑસ્ટ્રિયાના પ્રવાસ માટે રવાના થશે. યાત્રા દરમિયાન તેઓ 22મી ભારત-રશિયા શિખર સંમેલનમાં ભાગ લેશે. આ સંમેલન બંને દેશો વચ્ચે સંરક્ષણ, વેપાર, રોકાણ, ઊર્જા, શિક્ષણ, વિજ્ઞાન તેમજ ટેક્નૉલોજી, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધો પર કેન્દ્રિત હશે. શ્રી મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમિર પુતિન બંને દેશો વચ્ચે બહુમુખી સંબંધોની સમીક્ષા કરશે અને સાથે જ પારસ્પરિક લાભ અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે..

બંને દેશોના નેતા બ્રિક્સ, શાંઘાઈ સહકાર સંગઠન, જી-20, પૂર્વીય શિખર સંમેલન અને સંયુક્ત રાષ્ટ્રમાં દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે. આ પ્રવાસ દરમિયાન રશિયન સેના દ્વારા ગેરમાર્ગે દોરાયેલા ભારતીય નાગરિકો મુદ્દે પણ ચર્ચા થઈ શકે છે.

## AMIT SHAH- AHMEDABAD

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદમાં આવેલ અમીન P.J.કડવા પાટીદાર વિદ્યાર્થી ભવનની બે ઇમારતોનું ઉદ્ઘાટન કર્યું. અમીન P.J.કડવા પાટીદાર વિદ્યાર્થી ભવન 9 દાયકાના વધુ સમયથી સમાજના કલ્યાણ માટે કાર્યરત છે. 50 કરોડના ખર્ચે તૈયાર થયેલ 245 રૂમવાળા આ આધુનિક ભવનમાં 1 હજાર વિદ્યાર્થીઓ માટે રહેવાની વ્યવસ્થા કરાઇ છે. સસ્તા દરે રહેવાની વ્યવસ્થા અને વાતાનુકૂલિત રૂમ

સાથે આ ભવનો વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે સહયોગી થશે.

આ ઉપરાંત, શ્રી શાહે અમદાવાદની નવનિર્મિત મલ્ટી સ્પેશિયાલિટી સ્લીમ્સ હોસ્પિટલનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. આ હોસ્પિટલ 30 કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. આ 8 માળની હોસ્પિટલમાં OPD સુવિધાઓની સાથે રોબોટિક સર્જરી અને કાર્ડિયાક કેર સેન્ટર જેવી અત્યાધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. શ્રી શાહે આ ઉદઘાટન પ્રસંગે કહ્યું કે, આધુનિક સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલ વિસ્તારની તબીબી જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદરૂપ થશે.

## SC-NEET

સર્વોચ્ચ અદાલતમાં આવતીકાલે NEET-UG સંબંધિત અનેક અરજીઓ પર સુનાવણી થશે. તેમાં નવેસરથી પરીક્ષાની માંગણી કરતી અરજીઓનો પણ સમાવેશ કરાયો છે. સર્વોચ્ચ અદાલતની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી યાદી અનુસાર, મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ જે.બી. જસ્ટિસ પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચ સમક્ષ 26 અરજીઓ સુનાવણી માટે મૂકવામાં આવી છે.

તેમની અરજીઓમાં, વિદ્યાર્થીઓએ NEETમાં કથિત ગેરરીતિઓની અલગ અને સ્વતંત્ર તપાસની માંગ કરી છે. NEETના વધી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્રએ સર્વોચ્ચ અદાલતમાં એફિડેવિટ દાખલ કરી છે. કેન્દ્રએ કહ્યું છે કે પરીક્ષામાં મોટા પાયે ગેરરીતિઓના કોઈ પુરાવાની ગેરહાજરીમાં NEET-UG 2024 ફરીથી કરાવવાની જરૂર નથી. કેન્દ્રએ એવી પણ દલીલ કરી છે કે, નવી પરીક્ષા લાખો સાચા ઉમેદવારોના જીવન પર પ્રતિકૂળ અસર કરશે.

રાષ્ટ્રીય તપાસ સંસ્થા-એનટીએ દેશભરની સરકારી અને ખાનગી સંસ્થાઓમાં MBBS, BDS, આયુષ અને અન્ય સંબંધિત અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નેશનલ એલિજિબિલિટી- કમ-એન્ટ્રન્સ ટેસ્ટ- અંડર ગ્રેજ્યુએટનું આયોજન કરે છે.

## MP--TREE-PLANTATION--PROGRAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'માતાના નામે એક વૃક્ષ' અભિયાનના સંકલ્પ હેઠળ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ અને કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે આજે ઈન્દોરની સરહદ સુરક્ષા દળ વિસ્તારમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે તેમની પોતાની માતાની સ્મૃતિમાં એક છોડ પણ રોપ્યો હતો.

આ કાર્યક્રમને સંબોધતા મુખ્યમંત્રી મોહન યાદવે કહ્યું કે, દેશ અને દુનિયામાં ઈન્દોરની એક ખાસ ઓળખ છે. ઈન્દોર સ્વચ્છ શહેરની સાથે ગ્રીન સિટી બનવામાં ચોક્કસપણે પ્રથમ સ્થાને રહેશે. તેમણે કહ્યું કે, આખું ઈન્દોર આ અભિયાન સાથે જોડાયેલું છે.

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ અભિયાન અંતર્ગત દેશભરમાં એકસો ચાલીસ કરોડ રોપાઓ વાવવામાં આવી રહ્યા છે. આ અભિયાન થકી દેશનો દરેક નાગરિક પ્રકૃતિના સંરક્ષણમાં ઉત્સાહપૂર્વક જોડાયો છે.

## MURUGAN-VISITED-TIRUMALA-SRI-VENKATESWARA-SWAMY

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને આજે તેમના પરિવાર સાથે તિરુમાલા શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિરની મુલાકાત લીધી હતી. પત્રકાર મિત્રો સાથે વાત કરતાં, શ્રી મુરુગને કહ્યું કે તેમણે શ્રી વેંકટેશ્વર સ્વામીને દેશના તમામ લોકોની ખુશી માટે પ્રાર્થના

કરી છે.. આ પ્રસંગે ડો.મુરુગને જણાવ્યું હતું કે, વર્ષ 2047 સુધીમાં ભારત એક વિકસિત રાષ્ટ્ર બનશે.

## J&K - KULGAM ENCOUNTER UPDATED

કાશ્મીર ખીણ પ્રદેશમાં થયેલી બે જુદી જુદી અથડામણમાં છ આતંકીઓ ઠાર મરાયા છે. જ્યારે બે જવાન શહીદ થયા છે. કુલગામના ફ્રિસલ ચિન્નિગામ અને મોટેર ગામમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઇ હતી. ગઈકાલે બપોર બાદ આતંકીઓના ઠેકાણા વિશે મળેલી માહિતી મળ્યા બાદ સ્થાનિક પોલીસ અને સુરક્ષાદળોની ટુકડીએ બે સ્થળોએ તપાસ અભિયાન ચલાવ્યું હતું.

દરમિયાન, આતંકવાદીઓએ ફાયરિંગ કરતા સુરક્ષાદળોની જવાબી કાર્યવાહીમાં પાંચ આતંકવાદીઓ ઠાર મરાયા. કાશ્મીર પોલીસના વરિષ્ઠ અધિકારીએ આકાશવાણીને જણાવ્યું કે, આ અથડામણમાં બે સુરક્ષા જવાનો શહિદ થયા છે. મોટેરગામ અને ફ્રિસલ ચિન્નિ ગામમાં ગઈકાલથી શરૂ થયેલું ઘર્ષણ આજે સતત બીજા દિવસે ચાલુ છે.

## CRICKET

ક્રિકેટમાં ભારત- ઝિમ્બામ્બે વચ્ચે આજે રમાઇ રહેલી બીજી ટી-ટ્વેન્ટી મેચમાં ભારતનો 100 રને વિજય થયો છે. ટોસ જીતી પ્રથમ બેટીંગ કરતાં ભારતે 20 ઓવરમાં બે વિકેટે 234 રન બનાવ્યા છે અને ઝિમ્બામ્વેને જીત માટે 235 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ભારત તરફથી અભિષેક શર્માએ 100 અને ઋતુરાજ ગાયકવાડે 77 રન બનાવ્યા હતા.

જવાબમાં ઝીમ્બામ્વેએ 18.4 ઓવરમાં 134 રન બનાવી ઓલઆઉટ થઇ જતાં ભારતની જીત થઇ છે. ભારત તરફથી અવેશ ખાન અને મુકેશ કુમારે 3-3 વિકેટો ઝડપી હતી.. ઉલ્લેખનીય છે કે, આ જીત

સાથે પાંચ મેચોની ટી- ટ્વેન્ટી શ્રેણીમાં ભારત અને ઝિમ્બામ્વે 1-1ની બરાબરી પર પહોંચ્યા છે.

દરમિયાન, મહિલા ક્રિકેટમાં ભારત- દક્ષિણ આફ્રિકા વચ્ચે બીજી ટી-ટ્વેન્ટી મેચ શરૂ થઇ છે. ભારતે ટોસ જીતી પ્રથમ બોલિંગ પસંદ કરી છે.. છેલ્લા મળતાં સમાચાર મુજબ, દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટીંગ કરતાં 8 ઓવરમાં 2 વિકેટે 75 રન બનાવ્યા છે.